**કલેઈમ પરચુરણ (પેમેન્ટ અરજી) અરજી નં. 79/2022 ના કામે આંક–૧ તળેનો હુકમ... (કલેઈમ કેસ નં. 31/2019)**

---

આ કામમાં અરજદારની અરજી તથા તે સાથેના દસ્તાવેજી પુરાવા લીસ્ટમાં રહેલ મૂળ કલેઈમ કેસ નં. ૩૧/૨૦૧૯ નું કામ ગઈ તા. ૧૧–૦૯–૨૦૨૧ ના રોજ નેશનલ લોક અદાલતમાં ફેસલ થતાં જે કલેઈમના કામની આંક–૧૯ થી એવોર્ડની ખરી નકલ અરજીના કામે રજુ થતાં, તે વંચાણે લીધા. જયારે હાલની પેમેન્ટ અરજી દાખલ થતાં, જે તા. ૧૯–૧૦–૨૦૨૨ રોજ રજીસ્ટરે લેવામાં આવેલ છે. અને સદર અરજી રજીસ્ટરે લીધા બાદ સદરહું અરજીના કામે સમાધાન મુજબની રકમ જમા લીધા સબંધે નાઝીરશ્રી ડિસ્ટ્રીકટ કોર્ટ, પોરબંદરનો શેરો વંચાણે લેતા અને નાઝીરશ્રી ધ્વારા અરજીના કામે હિસાબી કામકાજને લગતા દસ્તાવેજી પુરાવા વંચાણે લીધેલ. સદરહું કલેઈમ અરજીના કામે સબંધીત વિમા કંપનીના વિ.વકીલશ્રી ધ્વારા કલેઈમના કામે વળતરની રકમ અરજદારને ચુકવવા સામે વાંધો ન હોવાનું આંક–૧ ની અરજીમાં શેરો કરેલ હોય, તેમજ હાલના કામે એવોર્ડ સામે નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ખાતે કોઈ રીટ દાખલ થયેલ નથી તે અન્વયે અત્રેની અદાલતના બેન્ચ કલાર્કનો શેરો વંચાણે લીધો. ઉપરોકત હકીકતે હાલના કામના અરજદારને આંક–૧૯ ના એવોર્ડ મુજબ ચુકવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

| ક્રમ | રકમ રૂા.–પૈસા. | ચુકવણીની વિગત. |
|---|---|---|
| 1. | 00=00 | હાલનું કામ એ તા. ૧૧/૦૯/૨૦૨૧ ના રોજની નેશનલ લોક અદાલતમાં ફેસલ કરવામાં આવતા, એવોર્ડમાં થયેલ હુકમ મુજબ કોર્ટ ફી ની રકમ વસુલ કરવાની રહેતી નથી. |
| 2. | 43,821=00 | જમા થયેલ રકમ પૈકી ૫૦ % ની રકમ હાલની અરજીના અરજદાર **નાથાભાઈ ગીગાભાઈ દાસા**ના નામની ફિકસ્ડ ડિપોઝીટ રસીદ પાંચ વર્ષના સમયગાળા માટે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા, માધવપુર ઘેડ શાખામાં જમા રાખવી. સદરહું ફીકસ ડીપોઝીટ અનુસંધાને મૂળ કલેઈમ કેસના આંક–૧૯ ના એવોર્ડના હુકમની વિગત મુજબ '' *The claimant shall be entitled to receive the interest payable periodically from F.D.R. receipt. The claimant shall not be entitled neither to encash the same premature nor any loan shall be made available on the same investment without prior permission of the Tribunal.'* |

| | | |
|---|---|---|
| 3. | **43,820=00** | જમા થયેલ રકમ પૈકી ૫૦ % ની બાકી રહેતી રકમ હાલની અરજીના અરજદાર **નાથાભાઈ ગીગાભાઈ દાસાને** એકાઉન્ટ પે ચેકથી ઓળખ અંગેની ખરાઈ કરી ચુકવી આપવા. |
| | **87,641=00** | **(અંકે રૂપીયા સીત્યાસી હજાર છસો એકતાલીસ પુરા)** |

હુકમની જાણ નાઝીરશ્રીને કરવી.
તા. ૨૫/૧૧/૨૦૨૨.
મું. પોરબંદર.

(એમ. કે. ભટ્ટ)
મોટર એકસી. કલેઈમ ટ્રિબ્યુનલ (ઓકજી.) અને
એડિશ્નલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ
પોરબંદર.